**બિડાણઃ**–અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ નવસારીના તા.૦૬.૦૧.૨૦૨૨ના પત્ર ક્રમાંકઃ નં.ડીસીબી/એમએજી/ મકરસંક્રાતિ/ જાહેરનામુ/ વશી. ૧૬/૨૦૨૨

**વિષયઃ**– મકરસંક્રાંતિના તહેવાર નિમિત્તે સ્કાયલેન્ટર્સ (ચાઈનીઝ તુકકલ/ફાનસ),ચાઈનીઝ માંઝા/નાયલોન દોરીના લીધે થતાં આગ,અકસ્માત કે પશુ–પક્ષીઓ–માણસો ઈજાગ્રસ્ત ન બને તેની કાઈજી લેવા બાબત.........

.................................................................................................................................................................

**જા.નં.નકૃયુ/રજી/અ.૩.૨/મકરસંક્રાંતિ /૪૨૩-૪૨/૨૦૨૨.** **તારીખ :૦૭/૦૧/૨૦૨૨.**

**સામેલઃ** ઉપર મુજબ.

**ઈ/ચા.કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**<u>નકલ સવિનય રવાનાઃ</u>**– અત્રેની યુનિવર્સિટીના નવસારી કેન્દ્ર ખાતેના તમામ યુનિટના વડાશ્રીઓ તરફ જાણ તેમજ

<u>૨/–</u> અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ નવસારીના તા.૦૬.૦૧.૨૦૨૨ના સામેલ જાહેરનામા મા જણાવ્યા મુજબ સ્કાયલેન્ટર્સ (ચાઈનીઝ તુકકલ/ફાનસ) ચાઈનીઝ દોરી, ચાઈનીઝ માંઝા, નાયલોન દોરીના વપરાશને કારણે આગ અકસ્માત થવાની તેમજ પતંગની ચાઈનીઝ દોરીને લીધે પશુ–પક્ષીઓ તેમજ લોકો ઈજાગ્રસ્ત થવાની તેમજ પર્યાવરણને પણ નુકશાન થવાની સંભાવના હોવાથી નાયલોન દોરી તેમજ પ્લાષ્ટિક અને નાયલોન મટીરીયલમાંથી બનાવવામાં આવેલ **સ્કાયલેન્ટર્સ (ચાઈનીઝ તુકકલ/ફાનસ), ચાઈનીઝ દોરી, ચાઈનીઝ માંઝા ન વાપરવા વિનંતી.**

# કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી

મેજીસ્ટ્રેટ શાખા, જિલ્લા સેવા સદન, ૧લો માળ, કાલીયાવાડી, નવસારી

ફો.ન.૨૪૮૦૯૯, ફેક્સ– ૨૮૧૫૪૦,

ઈમેઈલ– collector-nav@gujarat.gov.in


નં.ડીસીબી/એમએજી/મકર સંક્રાંતિ/જાહેરનામું/વશી.....૧૬...../૨૦૨૨ તા.૦૬/૦૧/૨૦૨૨

## –: ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૩(૧),૩૭(૧) અન્વયેનું જાહેરનામું:–

વંચાણે લીધું:–

૧.ઉપસચિવશ્રી(કા.વ્ય) ગૃહ વિભાગ, સચિવાલયના પત્ર ક્રમાંક:વિ.૨/ડી.એસ.એમ/૧૩૨૦૧૬/હો.કો.૦૨(પા.ફા) તા.૦૬/૦૧/૨૦૨૨

## –: જાહેરનામું : –

આમુખ(૧)થી જણાવ્યા મુજબ આગામી તા.૧૪/૦૧/૨૦૨૨નાં રોજ ઉત્તરાયણનો તહેવાર તેમજ અન્ય તહેવારો દરમ્યાન સ્કાયલેન્ટર્સ (ચાઈનીઝ તુક્કલ/ફાનસ) ઉડાડવાની પ્રથા ચાલુ થયેલ હોઈ આવા સ્કાયલેન્ટર્સ હવામાં પવન સાથે ઉંચે ઉડાન કર્યા બાદ ગમે તે જગ્યાએ જેવા કે મકાનો, અપાર્ટમેન્ટ, વીજ થાંભલાઓ, ખેતરો કે જંગલોમાં પડી શકે છે અને તેમાં રહેલી આગને કારણે ગમે તે જગ્યાએ આગ–અકસ્માત કે ગંભીર હોનારતો સર્જાવાની પુરેપુરી સંભાવના રહેલી છે. તેમજ આવા સ્કાયલેન્ટર્સ વિદેશમાંથી ગેરકાનુની રીતે આયાત થાય છે. વળી તે સસ્તા મટીરીયલ માંથી બનાવવામાં આવતાં હોઈ પર્યાવરણને પણ નુકશાન થાય છે. તેમજ પતંગ ચગાવવાના દોરી/ચાઈનીઝ માંઝા/નાયલોન પ્લાસ્ટીક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થો અથવા અન્ય સિન્થેટીક માંઝા, સિન્થેટીક પદાર્થથી કોટીંગ કરેલ હોય અને નોન–બાયોડિગ્રેડેબલ હોય તે દોરી/ચાઈનીઝ માંઝા વેચવા પર પ્રતિબંધો મુકવા જણાવેલ છે.જેથી "સ્કાયલેન્ટર્સ (ચાઈનીઝ તુક્કલ/ ફાનસ)" થી જાહેર જનતાને, માલ મિલ્કતને કે પર્યાવરણને નુકશાન ન થાય તે હેતુથી આવા સ્કાયલેન્ટર્સના વેચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

સબબ, હું કેતન પી.જોષી (જી.એ.એસ.)અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,નવસારી, ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૩(૧) તથા ૩૭(૧) મુજબ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર નવસારી જિલ્લાના હદ વિસ્તારમાં **સ્કાયલેન્ટર્સ (ચાઈનીઝ તુક્કલ/ ફાનસ) વેચાણ કરવા કે ઉડાડવા પર તેમજ પતંગ ચગાવવાના દોરી સિન્થેટીક માંઝા, સિન્થેટીક પદાર્થથી કોટીંગ કરેલ હોય અને નોન–બાયોડિગ્રેડેબલ હોય તેવી દોરી, ચાઈનીઝ માંઝા/નાયલોન પ્લાસ્ટીક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોના વેચાણ તેમજ ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવું છું. આ હુકમ તા.૦૬–૦૧–૨૦૨૨ થી તા.૨૦–૦૧–૨૦૨૨ સુધીના સમયગાળા માટે અમલમાં રહેશે.**

**નોંધ:– સદરહું જાહેરનામા દરમ્યાન સરકારશ્રીની તાજેતરની કોરોના (COVID-19) અન્વયેની ગાઈડલાઈન્સનું તમામે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.**

ઉપરનાં હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૧૩૧ તથા ૧૩૫ની હેઠળ સજાને પાત્ર થશે.

આજરોજ તા. ૦૬–૦૧–૨૦૨૧ નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

ADM 3/2

(કેતન પી.જોષી)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
નવસારી

ADDITIONAL DISTRICT MAGISTRATE
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
નવસારી
NAVSARI

પ્રતિ,
મેનેજરશ્રી,
સરકારી છાપકામ, વડોદરા

૨/–સદરહુ જાહેરનામુ રાજયપત્ર અંકમા પ્રસિધ્ધ કરી તેની પાંચ નકલો અત્રે મોકલવા ...

...વિભાગ, ન.કૃ.યુ., નવસારી
૨૫૩
07 JAN 2022

**નકલ સવિનય રવાના :–**

(૧) ઉપ સચિવશ્રી ગૃહ વિભાગ, ગાંધીનગર

(૨) મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયધિશશ્રી નવસારી તરફ

(૩) મે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી નવસારી / ગણદેવી / ચીખલી / વાંસદા તરફ

(૪) ખાસ મુખ્ય પોલીસ અધિક્ષકશ્રી સુરત વિભાગ સુરત તરફ

(૫) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નવસારી

(૬) પોલીસ અધિક્ષકશ્રી, નવસારી

(૭) જિલ્લા વન અધિકારીશ્રી, નવસારી

**નકલ જયભારત સહ રવાના :** સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, નવસારી / ચીખલી / વાંસદા તરફ

**નકલ રવાના :** કાર્યપાલક મેજીસ્ટ્રેટશ્રી, નવસારી (શહેર) / નવસારી (ગ્રામ્ય) / જલાલપોર / ગણદેવી / ચીખલી / ખેરગામ / વાંસદા તરફ

**નકલ રવાના :** ચીફ ઓફીસરશ્રી, નવસારી / વિજલપોર / બીલીમોરા તરફ

**નકલ રવાના :** પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી નવસારી(શહેર) / નવસારી(ગ્રામ્ય) / જલાલપોર / ગણદેવી / બીલીમોરા / ચીખલી / ખેરગામ / વાંસદા.

**નકલ રવાના :–** સહાયક માહિતી નિયામકશ્રી નવસારી તરફ
૨/–વર્તમાન પત્રોમા વિના મુલ્યે આઈટમ ઓફ ન્યુઝ તરીકે પ્રસિધ્ધ કરવા વિનંતી છે.